**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત પૂર નિયંત્રક પાળાઓની કામગીરી માટે મા.મુખ્યમંત્રીશ્રીના રાહતનિધિમાં નાણાં જમા કરાવવા તથા તેમાંથી નાણાં ફાળવવા વિષયક**

**ગુજરાત સરકાર**
**નર્મદા જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ**
**ઠરાવ ક્રમાંક : પરચ-૨૦૦૩-૩૫-૧૩૫૯-કર**
**સચિવાલય, ગાંધીનગર**
**તા: ૨૪ / ૮ /૨૦૦૬**

સંદર્ભ : વિભાગનો ઠરાવ ક્રમાંક : પરચ-૨૦૦૩-૩૫-૧૩૫૯- આઇ તા ૨૯-૫-૨૦૦૩

**આમુખ :**

મા.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપણામાં તા ૨૨-૪-૨૦૦૩ ના રોજ યોજવામાં આવેલ બેઠકમાં થયેલ વિસ્તુત ચર્ચા મુજબ જો કોઇ ઉધ્યોગગૃહ અથવા માર્કેટીંગ યાર્ડ અથવા સ્વૈક્ષ્છિક સંસ્થા અથવા વ્યકિત મા.મુખ્યમંત્રીશ્રીના રાહતનિધિમાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત ચેકડેમો અથવા તળાવો બનાવવાના ઉદદેશથી પોતાનું યોગદાન જમા કરાવે તો તેને આવકવેરામાંથી પણ મુકિત મળે અને રાજયના વિકાસના કાર્યક્રમોમાં પણ વેગ આવે.

અગાઉ સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ પુર્ણ થયેલા ચેકડેમો તેમજ તેના પરિણામોનું સ્વતંત્ર મૂલ્યાંકન ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ દવારા કરાવવામાં આવેલ છે. આ સંસ્થા દવારા હાથ ધરાયેલ વિગતવાર અભ્યાસના તારણોમાં સ્પષ્ટપણે જાણવા મળેલ છે કે ચેકડેમો થકી અસરકારક રીતે જળસંચય થાય છે તેમજ ઓછાં વરસાદના વર્ષ દરમ્યાન પણ પાકને બચાવી શકાય છે. આમ ચેકડેમ અછત ટાળવા માટેના તથા અછતના વર્ષ દરમ્યાન ભૂખમરામાંથી પ્રજાને ઉગારી લેનાર સાધન તરીકે પ્રસ્થાપિત થયેલ છે.

ચેકડેમોના અનેક લાભો પૈકીનો એક લાભ એ છે કે પાણી ને નદી કે નાળામાં અલગ અલગ સ્થાનો પર રોકવામાં તે ઉપયોગી થતાં હોઇ એક સામટો પાણીનો ધસારો થવાને બદલે પાણીનો જથ્થો અલગ અલગ સ્થાન પર રોકાતો જઇ તેમાં ધીરે ધીરે ઘટાડો થઇ પાણી પોતાના માર્ગે આગળ વધે છે જેને પરિણામે અચાનક પૂર આવવાની ઘટના મહદઅંશે નિયંત્રિત થવા પામે છે.

આમ ચેકડેમોની અછતનિવારક, અછત દરમ્યાન સહાયક તથા પૂરનિયંત્રક એવી વિવિધ ભૂમિકાઓને ધ્યાનમાં રાખી મા. મુખ્યમંત્રીશ્રીના રાહતનિધિના નિયમોમાંની જોગવાઇ અનુસાર ચેકડેમો માટે મા. મુખ્યમંત્રીશ્રીના રાહતનિધિનો ઉપયોગ થઇ શકે તેમ છે. વધુમાં, મોટા ઉધ્યોગગૃહો તરફથી પણ સુચન કરવામાં આવેલ છે કે તેઓ દવારા મા. મુખ્યમંત્રીશ્રીના રાહતનિધિમાં ચેકડેમો બનાવવાના ઉદદેશથી ધનરાશિ જમા કરાવે જેથી રાજયના વિકાસમાં તેઓ પણ પોતાનું યોગદાન આપી શકે. સરકારનો આગામી વર્ષોમાં વધુમાં વધુ ચેકડેમો બનાવવાનો લક્ષ્યાંક હોવાથી મોટા પ્રમાણમાં ધનરાશિની આવશ્યકતા રહેશે. આ સંજોગોમાં ઉધ્યોગગૃહોની આ દરખાસ્ત સ્વીકારવાથી રાજયનો આર્થિક બોજ હળવો થઇ શકે તેમ છે.

ઉપરોકત વિગતોને અનુલક્ષીને આ અંગેનો જરૂરી ઠરાવ સંદર્ભ હેઠળના પત્રથી બહાર પાડવામાં આવેલ . ઉકત ઠરાવના બદલે સુધારેલ ઠરાવ નીચે મુજબ બહાર પાડવામાં આવે છે.

**ઠરાવ :**

(૧) #રદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત પૂર નિયંત્રક પાળાઓની કામગીરીના ઉદેશથી જે ઉધ્યોગૃહ અથવા માર્કેટીંગ યાર્ડ અથવા સ્વૈક્ષ્છિક સંસ્થા અથવા વ્યકિત મા.મુખ્યમંત્રીશ્રીના રાહતનિધિમાં ધનરાશિ જમા કરાવે તે આ ઉદેશ માટે અલાયદી રાખવામાં આવશે.

(૨)#ઉક્ત એકત્ર થયેલ રકમમાંથી લોકફાળા માટે જે રકમ અન્યથા મળી શકે તેમ ન હોય , તેવા કિસ્સાઓની દરખાસ્ત જળસંપત્તિ વિભાગ કરે ત્યારે વિચારણા કરીને -જે વિસ્તારને સરકારશ્રી દવારા અછતગ્રસ્ત જાહેર કરવામાં આવેલ હોય તેવા વિસ્તારમાં, પૂરગ્રસ્ત થતો વિસ્તાર કે આદિજાતિ વિસ્તારમાં પૂર નિયંત્રક પાળાઓની બનાવવા માટે લોકફાળાની નિયમોનુસાર થતી ૪૦ % અથવા ૨૦ % રકમ મા.મુખ્યમંત્રીશ્રીના રાહતનિધિ ફંડમાંથી મંજુર કરાવી જળસંપત્તિ વિભાગ મારફતે ઉપયોગમાં લેવાની રહેશે.

ગુજરાત રાજયના મા.રાજયપાલશ્રીના નામે અને હુકમે

(કે.બી વસા)
ઉપસચિવ (જળસંચય)

નકલ સાદર રવાના પ્રતિ :

- #માનનીય રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- #માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- #માનનીય અધ્યક્ષશ્રીના અંગતસચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
- #માનનીય મંત્રીશ્રી(જળસંપત્તિ)ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- #માનનીય મંત્રીશ્રીઓ, રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ અને નાયબ મંત્રીશ્રીઓ (સર્વે)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- #માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
- #ગુજરાત રાજ્યના સર્વે બોર્ડ-નિગમના અધ્યક્ષશ્રીઓ
- #ગુજરાત રાજ્યના સર્વે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ
- #ગુજરાત રાજ્યના સર્વે તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ
- #સર્વે સંસદસભ્યશ્રીઓ
- #સર્વે ધારાસભ્યશ્રીઓ
- #મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર
- #સચિવાલય, ગાંધીનગરના સર્વે વિભાગો
- #સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- #ખાસ સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- #મા. અધ્યક્ષશ્રીઓ - સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના કાર્યાન્વયન સમિતિ
- #સર્વે અધિક સચિવશ્રી અને મુખ્ય ઈજનેરશ્રીઓ, ન.જ.પા.પુ અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- #વહીવટી સંચાલકશ્રી, ગુજરાત રાજ્ય જળસંપત્તિ વિકાસ નિગમ લિ., ગાંધીનગર
- #નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગના સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ
- #નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગના સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ
- #નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગના સર્વે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીઓ
- #રાજ્યના સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- #રાજ્યના સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- #એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, રાજકોટ/ અમદાવાદ